# ધી ન્યુઝલાઇન

વર્ષ : ૨૫ અંક : ૨૯૧ તા. ૧૦-૦૮-૨૦૧૯ પાનાં ૪ માલિક : જયની પબ્લીશર્સ તંત્રી : રણછોડ એન. શાહ સહ તંત્રી : રાધિકા ગંજવાલા



## ડ્રાઈવર ?



ડ્રાઈવર, રસોયા,
નોકર શોધવા હવે
ખૂબ જ સરળ
staffavailable.com
ના એકદમ અલગ
પ્રકારના અને દેશમાં
એકમાત્ર આવી
સવલત ઓફર કરતાં
પ્લેટફોર્મ ઉપર તમારી
જરૂરિયાત મૂકી દો
તદ્દન ફ્રી
staffavailable.com








# ચોમાસું સારું થવાને કારણે ખાતર અને એગ્રો કેમિકલ્સ શેરો હવે ઊંચકાશે

ગયા અંકમાં દર્શાવેલા બહુમતી મીડકેપ અને સ્મોલકેપ શેરો ચાલ્યા છે. ગયા અઠવાડિયે **આઈસીઆઈસીઆઈ પ્રૂ.લાઈફ**નો શેર ચાલશે તેમ દર્શાવ્યું હતું અને તે શેર રૂા. ૪૦૩ ઉપર હતો અને તેમાં રૂા. ૪૦૬નો ભાવ પ્રથમ તબક્કામાં આવશે તેમ કહ્યું હતું જેની સામે રૂા. ૪૧૧ થઈને આ શેર અત્યારે રૂા. ૪૦૧ ઉપર આવી ગયો છે અને હજી આ શેરમાં મજબૂત ઉછાળો બેસે છે. શોર્ટટર્મ ખેલાડીઓ આ શેરમાં રૂા. ૪૦૫ અને તે પછી ધીરે ધીરે રૂા. ૪૨૫નો ભાવ જોઈ રહ્યા છે.

તેવી જ રીતે **યુનાઇટેડ બ્રુવરી**ના શેરમાં પણ મજબૂત ઉછાળાની સંભાવના દર્શાવી હતી. યુનાઈટેડ બ્રુવરી રૂા. ૧૪૦૪ ઉપર હતો અને તેમાં રૂા. ૧૪૧૭નો ભાવ કહ્યો હતો જેની સામે આ શેરે ખરાબ બજારમાં પણ રૂા. ૧૪૩૯ ટચ કરીને રૂા. ૧૪૧૨નું બંધ આપ્યું છે અને હજી આ શેરમાં રોકાણ જાળવી શકાય. શોર્ટટર્મ ખેલાડીઓ આ શેર અંગે ખૂબ બુલીશ છે અને આગામી દિવસોમાં રૂા. ૧૪૩૦ અને તે પછી રૂા. ૧૪૮૫નો ભાવ આવે તેવી ગણતરી છે.

તેવી જ રીતે **યુનાઇટેડ સ્પીરીટ**ના રૂા. ૫૯૩વાળા શેરમાં પણ રૂા. ૫૯૮નો ભાવ જોવા મળશે તેમ કહ્યું હતું અને તે લેવલ ટચ કરીને યુનાઈટેડ સ્પીરીટ રૂા. ૫૮૩ ઉપર બંધ આવ્યો છે અને હજી આ શેરમાં મજબૂત ઉછાળો ડ્યૂ છે. અગાઉ જે રીતે જ્યુબીલન્ટ ફુડવર્ક્સે રિટર્ન આપ્યું હતું તેવું જ રિટર્ન આ વખતે યુનાઈટેડ સ્પીરીટ આપી શકશે અને ઉપરમાં રૂા. ૫૯૪ અને તે પછી રૂા. ૬૨૬નો ભાવ બેસે છે.

### યુનાઇટેડ બ્રુવરીના શેરમાં પણ મજબૂત ઉછાળાની સંભાવના

**આઈસીઆઈસીઆઈ લોમ્બાર્જ જનરલ ઇન્સ્યોરન્સ**નો શેર પણ પકડી લેવાનું કહ્યું હતું અને તે શેર ગયા અઠવાડિયે રૂા. ૧૧૪૧ ઉપર હતો અને તેને માટે રૂા. ૧૧૬૪નું પ્રથમ લક્ષ્યાંક આપ્યું હતું જેની સામે આ શેરમાં રૂા. ૧૨૨૪નો ભાવ જોવાયા પછી રૂા. ૧૧૬૮નું બંધ આવ્યું છે અને હજી પણ આ શેરમાં તોફાની ઉછાળા સાથે રૂા. ૧૧૯૭ અને તે પછી રૂા. ૧૨૯૧નો ભાવ જોવા મળવાની ગણતરી છે.

ગયા અઠવાડિયે રૂા. ૧૬૭૪ના ભાવે **ટોરન્ટ ફાર્મા**નો શેર પણ પકડવાની વાત કરી હતી અને સપ્તાહ દરમિયાન આ શેરે રૂા. ૧૬૯૦નું ટોપ બતાવીને રૂા. ૧૬૭૩નું બંધ આપ્યું છે. હજી પણ રોકાણ જાળવી શકાય અને આગામી દિવસોમાં ટોરન્ટ ફાર્માના શેરમાં રૂા. ૧૭૪૭નો ભાવ જોવાવાની ગણતરી છે.

**ઈપ્કા લેબ**ના શેરમાં પણ આકર્ષણ વધ્યું છે. અત્યારે રૂા. ૯૬૮ ઉપર છે અને તેમાં ધીરે ધીરે રૂા. ૯૮૦ અને તે પછી રૂા. ૧૦૧૬નો ભાવ આવવાની ગણતરી છે.

**ડો. રેડ્ડીઝ**નો શેર પણ ગયા અઠવાડિયે રૂા. ૨૭૦૫ના ભાવે વધશે તેમ કહ્યું હતું અને સપ્તાહ દરમિયાન આ શેર રૂા. ૨૭૨૭ થઈને રૂા. ૨૫૩૫ ઉપર બંધ આવ્યો છે અને હજી પણ આ શેરમાં મજબૂત ઉછાળો બેસે છે.

**ફિનોલેક્સ પાઈપ** અત્યારે રૂા. ૫૨૧ ઉપર ચાલે છે અને આગામી દિવસોમાં આ શેરમાં રૂા. ૫૨૮ અને તે પછી રૂા. ૫૫૨નો ભાવ આવી જવાની ગણતરી છે. નાનું રોકાણ કરી શકાય.

શોર્ટટર્મ ખેલાડીઓનું આકર્ષણ રૂા. ૧૪૪૫વાળી **ઝાયડસ વેલનેસ** ઉપર શિફ્ટ થયું છે. એકતરફ કેડીલાનો શેર ઠંડો છે. જ્યારે બીજી તરફ આ શેરમાં પ્રથમ તબક્કામાં રૂા. ૧૪૭૫ અને તે પછી રૂા. ૧૫૮૫નો ભાવ આવી જવાની સંભાવના છે.

શોર્ટટર્મ એન્ગલથી **ગુજરાત ગેસ**નો શેર ધ્યાનમાં રાખવો. પરિણામો સુંદર આવે અને રૂા. ૧૭૬ ઉપરથી વધીને ધીરે ધીરે આ શેર રૂા. ૧૮૧ અને તે પછી થોડા દિવસોમાં રૂા. ૧૯૮ ઉપર આવી જવાની જગ્યા દેખાય છે અને તે રીતે નાનું રોકાણ કરી શકાય.

રૂા. ૩૩૪વાળી **બર્જર પેઈન્ટ્સ**નો શેર પણ ધ્યાનમાં રાખવો. અત્યારે તમામ પેઈન્ટ શેરો ચાલવા લાગ્યા છે અને તેમાં અત્યાર સુધી ઠંડો બર્જર રૂા. ૧૩૪ના ભાવે લઈને મૂકી શકાય અને તેમાં શોર્ટટર્મમાં જ રૂા. ૩૪૩નો ભાવ આવી જવાની ગણતરી છે.

ચોમાસું સારું થવાને કારણે ખાતર અને એગ્રો કેમિકલ્સ શેરો હવે ઊંચકાશે અને તેમાં રૂા. ૧૬૦ ઉપરનો **રાલિસ** ખાસ ધ્યાન ખેંચે છે. નવી તેજીમાં દાખલ થયેલો આ શેર આવતા થોડા દિવસોમાં રૂા. ૧૬૨ અને તે પછી રૂા. ૧૭૨ થવાની ગણતરી છે અને તેથી નાનું રોકાણ કરી શકાય.

પૂર્વ ભારતમાં સિમેન્ટનું ઉત્પાદન કરતી **બિરલા કોર્પોરેશન**ની જૂન ક્વાર્ટરની કામગીરી ખૂબ જ સુંદર છે અને આગામી દિવસોમાં રૂા. ૫૯૫થી વધીને રૂા. ૬૧૦ અને તે પછી રૂા. ૬૬૦ થઈ જવાની સંભાવના મજબૂત છે અને તે રીતે થોડાક શેરો




લઈને મૂકી શકાય.

**તાતા ગ્લોબલ**ના રૂા. ૨૬૬વાળા શેરમાં પણ હવે નવો ભડકો થવાની ગણતરી છે અને જે રીતે ગયા વર્ષે ટાઈટનના શેરે સુંદર રિટર્ન આપ્યું હતું તેવી જ રીતે આ વર્ષે તાતા ગ્લોબલનો શેર કમાઈ આપશે તેમ લાગે છે. આવતા થોડા દિવસોમાં રૂા. ૨૭૨ અને તે પછી રૂા. ૨૯૪નો ભાવ આવવાની ગણતરી.

એકતરફ મુકેશ અંબાણી રિલાયન્સ રીટેઈલમાંથી અમૂક હોલ્ડીંગ એમેઝોનને આપવા વિચારી રહ્યા છે અને તેવા સમયે શોર્ટટર્ણ ખેલાડીઓનું આકર્ષણ **ડીમાર્ટ**ના શેર ઉપર શિફ્ટ થઈ ગયું છે. ડીમાર્ટ અત્યારે રૂા. ૧૫૧૪ ઉપર છે અને આવતા થોડા દિવસોમાં જ આ શેરમાં રૂા. ૧૫૩૦ અને તે પછી ધીરે ધીરે રૂા. ૧૫૯૦નો ભાવ આવી જતા વાર નહીં લાગે અને તે રીતે થોડાક શેરો લઈને મૂકી દેજો.

ફુદ્દા શેરોમાં પણ જોરદાર કરંટ છે અને ગયા અઠવાડિયે ગાંધીનગરની **સંગીનિતા કેમિકલ્સ**નો શેર એકદમ દોડશે તેમ કહ્યું હતું અને તે મુજબ સંગીનિતા અત્યારે રૂા. ૭૯.૪૦ ઉપર આવી ગયો છે અને આવતા થોડા દિવસોમાં આ શેરમાં હજી સુંદર ઉછાળાની જગ્યા દેખાય છે.

**એનએચપીસી** કોઈ જ કારણ વગર ઘટીને રૂા. ૨૧.૬૫ ઉપર છે અને આ શેરમાં પણ હવે સુંદર ઉછાળો ડ્યુ છે. આગામી દિવસોમાં આ શેરમાં રૂા. ૨૩-૨૫નો ભાવ આવી જવાની ગણતરી છે.

છેલ્લા થોડાક દિવસોથી **અશોક લેલેન્ડ**નો શેર પણ તૂટી રહ્યો હતો પરંતુ અત્યારના રૂા. ૬૪.૪૦ના ભાવના અશોક લેલેન્ડમાં હવે ઘટાડો નથી દેખાતો અને રૂા. પાંચની નોટ ઝડપથી આપી જવાની ગણતરી.

રૂા. ૯૫ના ભાવ ઉપર મળી રહેલા **એલએન્ડટી ફિનાન્સ હોલ્ડીંગ**ના શેરમાં પણ શોર્ટટર્મ અને લોંગટર્મ બંને એન્ગલથી એન્ટ્રી લઈ શકાય. આ શેર માટે રૂા. ૧૩૦નું યોગ્ય લક્ષ્યાંક ડ્યૂ છે અને તેથી આવતા થોડા દિવસોમાં આ શેરમાં પણ થોડું થોડું વધારાય.

વ્યાજદર ઘટી રહ્યા હોવાને કારણે સરકારી જામીનગીરીઓના ભાવમાં સુંદર ઉછાળો શરૂ થઈ ગયો છે અને તે પાછળ **પીએનબી ગીલ્ટ**નો શેર અત્યારે રૂા. ૩૬.૯૦ ઉપર છે. આ શેરમાં પણ રોકાણ જાળવી શકાય અને




શોર્ટટર્મ ખેલાડીઓ આ શેરમાં રૂા. ૪૦-૪૨ ઉપર આવવાની ગણતરી દર્શાવે છે.

થાપર ગ્રૂપની **ક્રોમ્પ્ટન ગ્રીવ્સ કન્ઝ્યુમર**નો શેર રૂા. ૧૭૩ ઉપર છે અને આવતા થોડા દિવસોમાં પણ આ શેરમાં ઝડપી ઉછાળાની ગણતરી છે.

ભારત સરકારની **ભેલ**નો શેર અત્યારે કેવળ રૂા. ૫૬.૫૦ ઉપર આવી ગયો છે અને ભેલમાં આ ભાવે હવે નવું કોઈ જોખમ નથી દેખાતું અને બજારના ઝડપી બાઉન્સ બેક સાથે આ શેરમાં પણ રૂા. પાંચની નોટ મળી જવાની ગણતરી છે.

શોર્ટટર્મ ખેલાડીઓનું આકર્ષણ હવે **મેરિકો**ના રૂા. ૩૭૨વાળા શેરમાં શિફ્ટ થયું છે. ચોમાસું સંતોષકારક હોવાને કારણે મેરિકોનો કાચોમાલ સસ્તો થશે અને સાથે સાથે માંગ પણ વધવાની. વિદેશમાં માર્કેટ જમાવવા માટે કરેલી મહેનત હવે ફળી રહી છે. અત્યારના રૂા. ૩૭૩ના ભાવે મેરિકોનો શેર ધ્યાનમાં રાખવો અને તેમાં સુંદર ઉછાળો બેસે છે.

સામે પક્ષે **પેટ્રોનેટ એલએનજી**ના નફા સુંદર આવવાની ગણતરી છે. શેર અત્યારે રૂા. ૨૩૫ ઉપર છે અને શોર્ટટર્મમાં હજી આ શેરમાં ઘટાડો ચાલુ રહેવાની ગણતરી.

**બેંક ઓફ બરોડા**નો શેર અત્યારે રૂા. ૧૦૪ ઉપર છે અને શોર્ટટર્મ ખેલાડીઓ આ શેરમાં રૂા. ૧૦ કપાઈ જાય તે સંભાવના જોઈ રહ્યા છે.

**આઈડિયા સેલ્યુલર** સહેજ ઘટીને રૂા. ૬.૩૫ ઉપર આવી ગયો છે. બંને પ્રમોટરો ખૂબ મજબૂત હોવાને કારણે આ કંપની નાણાભીડમાં ફસાય તે સંભાવના ઓછી છે. આ શેરમાં સુંદર બાઉન્સ બેકની જગ્યા. નાનું રોકાણ કરી શકાય.

**બંધન બેંક** અત્યારે રૂા. ૩૬૪ ઉપર આવી ગયો છે અને સુંદર ફન્ડામેન્ટલ હોવા છતાં હજી પણ આ શેરમાં મોટા ઘટાડાની જગ્યા દેખાય છે. શોર્ટટર્મ ખેલાડીઓ બંધનમાં રૂા. ૪૬૪થી ઘટીને રૂા. ૪૪૪-૪૩૪નો ભાવ આવી જાય તે ગણતરી જોઈ રહ્યા છે.

સામે પક્ષે **એનએમડીસી** અત્યારે રૂા. ૧૦૫ ઉપર છે અને આવતા થોડા દિવસોમાં આ શેરમાં સ્ટીલ ઉદ્યોગની સાથે સાથે ભાવ ઘટવાની ગણતરી છે અને એક વખત રૂા. ૯૫-૯૮નો ભાવ આવી જાય તો પણ નવાઈ નહીં લાગે.

જ્યારે **અરવિંદો ફાર્મા**નો રૂા. ૫૪૮ વાળો શેર પણ આવતા થોડા દિવસોમાં ઘટીને રૂા. ૫૩૮-૫૩૦ સુધી નીચો લાવી તે સંભાવના મજબૂત છે.

તેવી જ રીતે **કેડિલા**ના શેરને પણ બરાબરના તોડી રહ્યા છે. કેડિલા ૫૦ ટકા તોડીને અત્યારે રૂા. ૨૨૫ સુધી તો લાવી દીધો છે અને હજી પણ આ શેરને બરાબર ઝૂડી નાખે અને રૂા. ૨૦૦ની અંદર લાવી દે તો નવાઈ નહીં. હાલ પૂરતું આ શેરથી દૂર રહેવું સલાહભરેલ.

તેવી જ રીતે **ડિવીસ લેબોરેટરીઝ**ના રૂા. ૧૫૯૮વાળા શેરને પણ શોર્ટટર્મ ખેલાડીઓ બરાબરના તોડી રહ્યા છે અને આ શેરમાં રૂા. ૫૦-૧૦૦ ક્યાં કપાઈ જશે તે પણ ખબર નહીં પડે.

**ઇન્ડિગો**ના શેરમાં પણ અત્યારે જોરદાર વેચવાલી શરૂ થઈ ગઈ છે. બે પ્રમોટરો બરાબરના લડવાના મૂડમાં છે. ઈન્ડિગો અત્યારે રૂા. ૧૫૦૮ ઉપર છે અને પ્રમોટરો વચ્ચેના આ વિવાદને કારણે ઈન્ડિગોના શેરનું પ્લેન જમીન ઉપર આવી જવાની સંભાવના. આવતા થોડા દિવસોમાં આ શેર થોડો વધારે તૂટે તો નવાઈ નહીં લાગે.

**અજન્ટા ફાર્મા**ના શેરને થોડો થોડો ઊંચકવાનો પ્રયત્ન થઈ રહ્યો છે. અત્યારે રૂા. ૯૫૬ ઉપર છે અને તેમાં રૂા. ૩૦ વધવાની જગ્યા પરંતુ અગાઉ ઊંચા ભાવે આ શેર પહેરાવ્યો હોવાથી તેમાં મોટી તેજીની જગ્યા નથી દેખાતી. શોર્ટટર્મ ખેલાડીઓનું આકર્ષણ રૂા. ૬૧.૪૫વાળા **અદાણી પાવર**ના શેરમાં પણ વધ્યું છે અને આ કંપનીએ ગયા અઠવાડિયે છત્તીસગઢ પાવર પ્લાન્ટ પણ હસ્તગત કર્યો. ભગવાન જાણે પૈસા ક્યાંથી આવતા હશે ? આવતા થોડા દિવસોમાં રૂા. ૬૩.૮૫ અને તે પછી રૂા. ૬૬નો ભાવ આવાની સંભાવના મજબૂત છે.

**ગોદરેજ ઇન્ડસ્ટ્રીઝ**નો શેર અત્યારે મોટા ઘટાડામાં છે. અત્યારના રૂા. ૪૪૬ના ભાવથી આ શેરમાં નાના ઘટાડાની ગણતરી. તેવી જ રીતે રૂા. ૫૬૨વાળા **તાતા કેમિકલ્સ**ના શેરમાં પણ ઘટાડો ડ્યૂ છે અને તેથી તેમાં રોકાણ હાલપૂરતું ટાળી દેવું.

**જીંદાલ સ્ટીલ એન્ડ પાવર**નો શેર રૂા. ૧૧૯ ઉપર આવી ગયો છે અને હજી પણ આ શેરમાં રૂા. ૫-૧૦ કપાઈ જવાની જગ્યા દેખાય છે.

**આઈએફસીઆઈ** અત્યારે રૂા. ૭.૨૫ ઉપર છે. બુકવેલ્યૂ કરતા પણ વધારે પડતો નીચો ચાલી રહ્યો છે અને તેથી આ શેરમાં રૂા. ૬ આસપાસ ટ્રેન્ડ તેજીતરફી થવાની ગણતરી છે.

આગામી દિવસોમાં રૂા. ૫૦વાળા **રિલાયન્સ કેપિટલ**ના શેરમાં પણ મોટો ઘટાડો બેસે છે. ભાવ એકદમ નીચો છે તેમ માનીને રોકાણ કરવાની ઉતાવળ ન કરતા.

સામે પક્ષે એલઆઈસી હસ્તકની **આઈડીબીઆઈ બેંક** કેવળ રૂા. ૨૮.૧૦ ઉપર છે. વાસ્તવમાં આ કંપનીના ગ્રહો બદલવા હોય તો તેના નામની આગળ એલઆઈસી શબ્દ લગાડવો પડે અને તો જ આ શેર તરફનું સેન્ટીમેન્ટ સુધરશે. પરંતુ આ શેરમાં હવે વેલ્યૂબાઈંગ અપેક્ષિત છે અને તેથી રૂા. ૨૮ના ભાવે ઘટવાની જગ્યા નહીંવત. શોર્ટટર્મ માટે ૫૦-૧૦૦ શેર લઈને પણ મૂકી દેવાય.

એકતરફ બેંક ઓફ બરોડાનો શેર તૂટવાનો ભય છે. જ્યારે બીજી તરફ રૂા. ૭૦ વાળા **બેંક ઓફ ઇન્ડિયા**ના શેરમાં ખેલાડીઓની લેવાલી વધી છે અને આગામી દિવસોમાં આ શેર રૂા. ૭૫-૭૮ ઉપર આવવાની ગણતરી છે.

**એપોલો ટાયર**નો શજ્જ્ઢ પણ છેલ્લા થોડા દિવસોમાં સારો એવો તૂટી ગયો. એપોલો ટાયર અત્યારે રૂા. ૧૫૦ ઉપર છે અને હવે તેમાં ઘટવાની જગ્યા નહીંવત. થોડા થોડા શેરો કવર કરતા જવાય.

શોર્ટટર્મ ખેલાડીઓ **સનટીવી**ના શેર અંગે ગભરાયેલા છે અને જે રીતે ઝીમાં મોટો ઘટાડો જોવાયો તેવી જ રીતે રૂા. ૪૫૬વાળા સનટીવીના શેરમાં પણ મોટો ઘટાડો બેસે છે. શોર્ટટર્મ ખેલાડીઓ સનટીવીને રૂા. ૪૩૦ સુધી નીચો લાવી દે તો પણ નવાઈ નહીં લાગે.

**રિલાયન્સ ઇન્ફ્રાસ્ટ્રક્ચર**નો રૂા. ૫૦નો ભાવ એમ તો ખૂબ જ નીચો લાગે અને કંપની પાસે જે રીતે રોકડ ભંડોળ છે તે પાસું પણ ફન્ડામેન્ટલ રીતે કંઈક આકર્ષણ દર્શાવે છે તેમ છતાં હજી પણ આ શેરમાં મંદીના ખેલાડીઓનો હુમલો યથાવત રહેવાની ગણતરી છે. રોકાણ વધારવાની ઉતાવળ ન કરવી.

**કર્ણાટક બેંક**ના શેરને છેલ્લા થોડા દિવસોમાં સારો એવો તોડી નાખ્યો છે અને તેથી રૂા. ૮૩ના ભાવના આ શેરમાં સુંદર બાઉન્સ બેક અને ધીમી તેજી શરૂ થઈ જવાની ગણતરી છે. આ શેરને ધ્યાનમાં રાખવો. શોર્ટટર્મ અને ઈન્વેસ્ટમેન્ટ બંને રીતે સારો છે.

**પીડીલાઈટ**ના શેરમાં પણ ફેન્સી વધી છે. પીડીલાઈટ અત્યારે રૂા. ૧૨૫૬.૭૦ ઉપર છે. ગયા અઠવાડિયે રૂા. ૧૨૪૪ના ભાવે આ શેર લઈ લેવાની વાત કરી હતી અને તે માટે રૂા. ૧૨૫૭નું લક્ષ્યાંક આપ્યું હતું જે લક્ષ્યાંક આ શેરે ટચ કરી નાખ્યું છે. નવા અઠવાડિયામાં પણ પીડીલાઈટનો શેરમાં સુંદર ઉછાળા સાથે રૂા. ૧૨૯૦ અને તે પછી ધીરે ધીરે રૂા. ૧૩૨૦ના ભાવની ગણતરી છે. અને તે પછી થોડા દિવસોમાં રૂા. ૧૪૦૦ ઉપરનો ભાવ પણ બેસે છે.

રૂા. ૪૩૩વાળી **કન્સાઈન નેરોલેક**ના શેરમાં પણ આકર્ષણ વધ્યું છે અને આગામી દિવસોમાં આ શેરમાં ધીમો ઉછાળો અપેક્ષિત છે. અને તેમાં નાનું રોકાણ કરી શકાય.

- **આઈએફસીઆઈ,** ભારત સરકાર હસ્તકની કંપની અને આ કંપની પાસે નેશનલ સ્ટોક એક્સચેન્જનું મોટું હોલ્ડીંગ. છેલ્લા પાંચ વર્ષથી એનએસઈના શેરો વેચી વેચીને ગાડું ગબડાવે છે. અત્યારે ફક્ત રૂા. ૭.૭૭ના ફુદ્દા ભાવ ઉપર મળી રહ્યો છે. તાત્કાલિક નહીં વધે પરંતુ ૧૦૦-૨૦૦ શેરનું જોખમ લઈ શકાય અને ચાલશે ત્યારે સીધો રૂા. ૧૦-૧૨નો ભાવ જોવા મળે.
- **આઈડિયા સેલ્યુલર,** ગયા અઠવાડિયે પણ વિસ્તૃત એનાલિસીસ આપ્યું હતું. નુકસાન મોટા છે તેમ છતાં બંને પ્રમોટરો અતિશય ખમતીધર અને હવે મોબાઈલ ભાડા વધારીને નુકસાનમાંથી બહાર આવવાની વ્યૂહરચના, તમારી પાસે પણ આઈડિયાનું કનેકશન વધ્યું હશે તો ભાડું વધ્યું હશે. અત્યારના રૂા. ૫.૬૮-૬ના ભાવે વધારે નહીં તો ૨૦૦ શેર લઈને મૂકી દેજો. ગુમાવશો તો રૂા. ૧૨૦૦નું જોખમ પરંતુ ચાલ્યો તો રૂા. ૧૨૦૦ ઉપર બીજા રૂ. ૧૨૦૦ મળવાની જગ્યા.
- **એનબીસીસી,** ભારત સરકારની કંપની અને ભારત સરકાર તેમજ સરકારી કોર્પોરેશનો માટે વિવિધ રીયલ એસ્ટેટ પ્રોજેક્ટો કરે છે અને તાજેતરમાં કોર્ટ દ્વારા પણ દેવાના બોજામાં ફસાયેલી રીયલ એસ્ટેટ કંપનીઓના પ્રોજેક્ટો પૂરા કરવાનું કામ એનબીસીસીને આપ્યું, ભાવિ ખૂબ સુંદર, બજારના નબળા સેન્ટીમેન્ટને કારણે આ શેર અત્યારે રૂા. ૩૮-૩૯ના મફતના ભાવ ઉપર આવી ગયો છે અને મફતના ભાવે ખરીદશો તો જ કમાવાશે.
- **મણ્ણાપુરમ ફિનાન્સ,** સોનાના દાગીના સામે ધિરાણ અને અત્યારે સોનામાં જોરદાર તેજી. મણ્ણાપુરમને પણ ફાયદો મળવાનો. વધારે ધિરાણ આપી શકશે. બિઝનેસને એકદમ સમતોલ કરવાના પ્રયત્ન પાંચ વર્ષથી કર્યા છે. અત્યારના રૂા. ૧૧૯ના ભાવે ખોટો નથી. આગામી દિવસોમાં રૂા. ૧૩૮ના ભાવની સંભાવના મજબૂત.
- **ઓરીએન્ટ સિમેન્ટ,** સી.કે. બિરલા ગ્રૂપની કંપની અને સી.કે. બિરલા ગ્રૂપના અન્ય શેરોએ રોકાણકારોને સારું વળતર આપ્યું છે. આ કંપની પણ આપશે. આ ક્વાર્ટરમાં લગભગ બધા સિમેન્ટ કંપનીઓના નફા વધ્યા છે. ઓરીએન્ટ સિમેન્ટનો નફો પણ હવે સારો આવે, રૂા. ૯૩ના ભાવે આકર્ષક, સુંદર રિટર્નની જગ્યા.
- **આઈસીઆઈસીઆઈ જનરલ ઇન્સ્યોરન્સ,** સરકારી વીમા કંપનીઓથી કંટાળીને અસંખ્ય ગ્રાહકો પ્રાઈવેટ વીમા કંપનીઓમાં શિફ્ટ થવા લાગ્યા છે. આઈસીઆઈસીઆઈ જનરલ ઈન્સ્યોરન્સને પણ ફાયદો. નફાશક્તિમાં સુંદર ઉછાળો જોવાય. રૂા. ૧૧૯૪નો ભાવ ખૂબ મોંઘો, તેમ છતાં હજી આ શેરમાં રૂા. ૧૦૦ વધવાની જગ્યા. થોડા શેરો લઈને મૂકી દેજો.
- **ભારતી ઇન્ફ્રાટેલ,** ટાવર કંપનીઓની માંગ વધવાની. અને દરેક કંપની મજબૂત નેટવર્ક આપવા માટે તત્પર. પોતાના ટાવરોની સંખ્યા વધારશે. ભારતી ઈન્ફ્રાટેલને ભાડાની આવકો વધવાની. અત્યારના રૂા. ૨૫૦ના નીચા ભાવે શેર આકર્ષક, આગામી દિવસોમાં સુંદર ઉછાળાની જગ્યા.
- **ક્વેસ કોર્પ,** થોમસકૂકની પેટા કંપની અને રિક્રૂટમેન્ટના ધંધામાં ખૂબ મોટું નામ, બાવન અઠવાડિયામાં રૂા. ૧૧૦૫નું ટોપ બતાવેલું. થોડા નકારાત્મક સમાચાર આવ્યા અને શેર તાજેતરમાં રૂા. ૩૮૭ સુધી નીચો આવી ગયો હતો. હવે ધીરે ધીરે સુધરવા લાગ્યો છે. વધીને રૂા. ૪૭૦ ઉપર આવ્યો, વિચારવા રહ્યા તો રહી જવાના. ધીમા સુધારા સાથે રૂા. ૫૨૦ના ભાવની ગણતરી.
- **ચંબલ ફર્ટિલાઈઝર,** કે.કે. બિરલા ગ્રૂપની આ કંપનીમાં તાજેતરમાં જ દુકાળના ભયને કારણે રૂા. ૧૨૮નો ભાવ જોવાયો હતો પરંતુ હવે ચોમાસું સારું થતા સેન્ટીમેન્ટ સુધર્યું. રૂા. ૧૪૯ ઉપર આવ્યો છે. ખાતરના વેચાણો વધવાના. એમ પણ ખેડૂતો માટે હવે મોદી સરકારમાં સારો સમય. સારું બિયારણ અને વધારે ખાતર વાપરશે. ચંબલને ફાયદો, અત્યારના રૂા. ૧૪૯ના ભાવે જાળવી રાખવો. ધીમા સુધારા સાથે રૂા. ૧૭૦ ટચ થવાની ગણતરી.


## DYNAMIC INDUSTRIES LIMITED

Plot No. 5501/2, Phase III, Nr. Trikampura Cross Road,
G.I.D.C., Vatva, Ahmedabad - 382 445
Tel : 25897221-22-23
CIN : L24110GJ1989PLC011989
Email : accounts@dynaind.com Website : www.dynaind.com

### સૂચના

સેબી (લીસ્ટિંગ ઓબ્લિગેશન એન્ડ ડિસકલોઝર રિકવાઈર્મેંટ) રેગ્યુલેશન્સ,૨૦૧૫ ના નિયમ ૪૭(૧)(એ) મુજબ,આથી સૂચના આપવામાં આવે છે કે કંપનીના બોર્ડ ઓફ ડાઈરેક્ટર્સની મીટિંગ ૧૪મી ઓગસ્ટ,૨૦૧૯,બુધવારના રોજ સાંજે ૫:૦૦કલાકે કંપનીની રજિસ્ટર્ડ ઓફીસ પર યોજાશે.જેનો હેતુ ૩૦મી જૂન,૨૦૧૯ ના રોજ પૂર્ણ થયેલા ત્રિમાસિક સમયગાળાના અનઓડિટેડ નાણાકીય પરિણામો ધ્યાનમાં લેવાનો અને મંજૂર કરવાનો છે.વધુ વિગતો કંપની ની વેબસાઈટ
http://dynaind.com/investors_zone.html અને બીએસઈની વેબસાઈટ www.bseindia.com/stock-share-price/dynamic-industries-ltd/dynamind/524818/ પર મળશે.

બોર્ડ ઓફ ડિરેક્ટર્સ ના હુકમથી
સહી/-
દિપક ચોક્સી
ચેરમેન

સ્થળ: અમદાવાદ
તારીખ :૦૮ ઓગસ્ટ,૨૦૧૯

## REDEX PROTECH LIMITED

CIN - L31100GJ1991PLC016557
Corporate Office : Parshwanath Business Park,Near Prahladnagar Garden,Satellite, Ahmedabad
PH: 079-26584080,26587009

EXTRACT FROM THE STANDALONE UNAUDITED FINANCIAL RESULTS FOR THE QUARTER ENDED ON 30.06.2019

(Rs. in Lacs)

| Sr. no | PARTICULARS | Quarter ended on 30th June, 2019 | For the year ended on 31st March, 2019 | Corresponding 3 Months Ended on 30th June 2018 |
|---|---|---|---|---|
| 1 | Total income from operations | 8.22 | 8.2 | 8.23 |
| 2 | Net Profit / ( Loss ) for the period (before Tax, Exceptional and/ or Extraordinary items) | -5.86 | 1.43 | -0.57 |
| 3 | Net Profit / ( Loss ) for the period before Tax (after Exceptional and/or Extraordinary items) | -5.86 | 1.43 | -0.57 |
| 4 | Net Profit / ( Loss ) for the period after Tax (after Exceptional and/or Extraordinary items) | -5.82 | 1.07 | -0.53 |
| 5 | Total Comprehensive Income for the period [ Comprising Profit/ (loss) for the period (after tax) and other Comprehensive Income (after tax)] | -5.82 | 1.07 | -0.53 |
| 6 | Equity Share Capital | 672.12 | 672.12 | 672.12 |
| 7 | Reserves ( excluding Revaluation Reserve) as shown in the Audited Balance Sheet of Previous Year | | -162.9 | |
| 8 | Earnings Per Share ( of Rs. 10 / - each ) (for continuing and discontinued operations) | | | |
| | Basic : | -0.09 | 0.02 | -0.01 |
| | Diluted : | 0 | 0 | |

Notes:
1. The above is an extract of the detailed format of Quarterly Financial Results filed with the Stock Exchange under Regulation 33 of SEBI (Listing and Other Disclosure Requirements) Regulation, 2015. The full Format of the financial Results are available on the Stock Exchange website (www.bseindia.com) and on the Company website (www.redexprotech.com)
2.The result of the Quarter ended on 30th June, 2019 were reviewed by the Audit Committee and approved by the Board of Director at its meeting held on 9th August,2019.

By Order of the Board of Directors
For, Redex Protech Limited
SD/-
Mr. Gnanesh Bhagat
Managing Director
DIN - 00115076

Place : Ahmedabad
Date : 09/08/2019